

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

'રસી'નો ચિરાગ અલાઉદ્દીનો તો ઘસ્યા કરે છે!
'સાવચેતી'ની સુરક્ષા પર ચેપ હસ્યા કરે છે!
વિસરાયા કરે છે વિકાસ, પ્રચારના ડખામાં -
કોરોના - 'હાથી પૂંઠે' નો શ્વાન ભસ્યા કરે છે!

હાઈકુ

પૂરાયો નહીં -
'કોરોના' પણ પ્રજા -
'લોકડાઉન'

થયા સફળ !
લ્યો ! મળી ગઈ 'રસી'
'આત્મ નિર્ભર'

### ચિંતન

*અધીત્ય ચતુરો વેદાન્ સર્વશાસ્ત્રાણ્યેનકશઃ ।*
*બ્રહ્મતત્વ ન જાનાતિ દર્વી સૂપરસં યથા ॥*

ઉપરોક્ત શ્લોક ગરુડપુરાણમાંથી લેવામાં આવેલ છે.

ચાર વેદ અને ઉપનિષદ વગેરે બધા શાસ્ત્રોને અનેકવાર ભણવા માત્રથી, જેમ કડછી દાળનો સ્વાદ નથી જાણતી તેમ, મનુષ્ય બ્રહ્મતત્વને જાણતો નથી. અર્થાત્ યમ-નિયમ, સત્સંગ, શ્રવણ તથા મનન આદિ સાધન કર્યા વિના બ્રહ્મજ્ઞાન ન થાય.

પોથી પઢિ પઢિ જગ મૂઆ, પંડિત હુઆ ન કોઈ, અઢી અક્ષર પ્રેમ કે પઢે સો પંડિત હોય, સત્સંગ અને કર્મયોગ ઉપરાંત 'યોગ' માં બતાવેલા પગથિયાં મુજબ અભ્યાસ કરવાથી જ સાક્ષાત્કાર થાય છે.

નવધા ભક્તિ દ્વારા ઈશ્વર પ્રાપ્ત થાય છે. માત્ર પુસ્તક વાચનનો કોઈ અર્થ નથી. ચિંતન - મનન - આચરણ હોવું જરૂરી છે.

### સુવિચાર

- હથેલી પર રખ કર નસીબ તૂ ક્યોં મુકદર ઢુંઢતો હૈ,
  સીખ જરા ઉસ સમંદર સે જો ટકરાને લિએ પથ્થર ઢુંઢતા હૈ - **પૂર્વા સંતોષી**
- મૌન રહીને લાગણી જયારે સઘળા જવાબો માંગે,
  અહેસાસ લખીને ત્યારે શબ્દો કેટલી પરીક્ષા માગે - **એસ. ભટ્ટાચાર્ય**
- દરેક વખતે શરીરમાં વિટામીન જ ઘટે એવું જરૂરી નથી, સાહેબ... કયારેક વ્યક્તિત્વનો પણ રિપોર્ટ કરાવજો... શું ખબર ? કદાચ માણસાઈ પણ ઘટતી હોય... - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- મન જ જગતનું રચનાર છે, જે જેવા ભાવથી ચિંતન કરે છે,
  એનો એ પ્રકારે જ અનુભવ થવા લાગે છે - **યોગવશિષ્ઠ**
- જયાં સુધી બીજાના દોષો દેખાશે, ત્યાં સુધી ઈશ્વરીય સાક્ષાત્કાર અસંભવ છે - **રામતીર્થ**
- જીવનનો અર્થ, જીવન જીવીને... અને... સંબંધનો અર્થ, સંબંધ નિભાવીને જ મળે છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : સંતરાની છાલ પાણી સાથે પથ્થર પર ઘસીને શરીર પર લગાડવાથી ગમે તેટલી જૂની ખૂજલી હોય તો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

લોકમાન્ય તિલક બોમ્બે કાઉન્સિલમાં ચૂંટાયા. એમને અભિનંદન આપવા એમના મિત્ર આવ્યા અને કહ્યું, 'ભાઈ તિલક, હવે તો તમારે આ ધોતી, અંગરખું અને પાઘડી છોડાવી પડશે અને સુટબુટ પહેરવા પડશે. અને સુટબુટમાં રહેવું પડશે. ગર્વનર ઓફિસમાં અવારનવાર જવું પડશે ત્યાં આપણો આ પરંપરાગત પોષાક નહીં ચાલે. કદાચ માનીએ કે આ પોષાક ચાલે પણ તમારા આ દેશી જોડા જોઈને તો ગોરો દરવાન તમને જરૂર રોકશે.' તિલકે હસતા હસતા કહ્યું, 'કંઈ વાંધો નહીં, સભાખંડની બહાર જોડા કાઢવા એ તો આપણો ભારતીય શિષ્ટાચાર છે. હું મારા જોડા કાઢી ને જ સભાખંડમાં જઈશ. વળી એ આમ જોઈએ તો ગૌરવની વાત પણ હશે. કારણ કે મારા જેવા ભારતીયના જોડાની રખેવાળી એક ગોરો દરવાન કરશે !! આથી વિશેષ ગૌરવની બીજી વાત કઈ હોઈ શકે?' વાતને ખૂબ હળવાશથઈ ઉલ્ટાવી નાખી અને ન કલ્પેલો ઉત્તર આપવાની તિક્ષ્ણ તિલકે હસ્તગત કરી હતી.

# નવા પ્રમુખની નવી પદ્ધતિઓ

**તંત્રીસ્થાનેથી...**

ભારતીય જનતા પાર્ટીના નવા પ્રદેશ પ્રમુખે ચાર્જ સંભાળતાંની સાથે સક્રિય બની જઈ પાર્ટીના કાર્યકરો પર ધાક બેસાડી દીધી છે. એમને અત્યાર સુધીની પ્રસ્થાપિત ઘરેડ ઓળંગી રાજય સરકારને પણ આદેશો આપવાનું શરૂ કર્યું છે. મંત્રીઓને હવે વારાફરતી પાર્ટીના કાર્યાલય 'કમલમ્' ખાતે હાજરી પુરાવવી પડશે, એટલું જ નહીં, એમને સોંપાયેલ જિલ્લાઓમાં અઠવાડિયાના છેલ્લા દિવસો વિતાવવા પડશે. પ્રદેશ પ્રમુખ પદે એમની નિમણૂક કરતાં પહેલાં મુખ્યમંત્રી કે નાયબ મુખ્યમંત્રી સાથે હાઈ કમાંડ ઉર્ફે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ કે રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ કોઈ પરામર્શ કર્યો હોવાની શક્યતા નથી. બધાને 'સરપ્રાઈઝ' બલકે 'શૉક' આપીને મૂળ બિનગુજરાતી એવા વફાદાર સાથીને આ મહત્ત્વની જવાબદારી સોંપાઈ છે. કોઈ રાજકીય પંડિત પણ કલ્પી ન શકે એવો આ નિર્ણય માત્ર અને માત્ર મોદી જ લઈ શકે. મોદીએ ગુજરાતી અમિત શાહને રાષ્ટ્રીય અધ્યક્ષ પદે નિમણૂક અપાવી ત્યારે પણ ઘણા બધાએ આવો જ આંચકો અનુભવ્યો હતો. વડાપ્રધાન અને રાષ્ટ્રીય અધ્યક્ષ બંને એક જ રાજયના હોય અને તે હિંદી ભાષીઓને સ્વીકૃત બને તે એક ચમત્કાર હતો. અમિત શાહે એમના કાર્યકાળ દરમિયાન પાર્ટીને એક નવી ઊંચાઈએ પહોંચાડી પોતાનું વજૂદ સિદ્ધ કર્યું હતું. ગુજરાતમાં પાટીદાર અને ક્ષત્રિય સમાજ વચ્ચે વહેંચાતા રાજકીય પદોની પરંપરાને ધરાર તોડી નાખીને અને સૌરાષ્ટ્ર કે ઉત્તર ગુજરાતની અહમિયતને પણ નજર અંદાજ કરીને અનેક મુદ્દે વિવાદાસ્પદ બની ચૂકેલા અને છતાં વિક્રમ બહુમતીથી ચૂંટાતા રહેતા 'ભંડોરવીર' સાંસદ સી.આર. પાટિલને બારોબાર રાજયના પ્રદેશ પ્રમુખ તરીકે નીમીને મોદીએ રાજય સરકારના નેતાઓ તથા સંગઠનનો કબજો લઈ બેઠેલા અગ્રણીઓને કડક સંદેશ પાઠવ્યો છે. ગુજરાત ભાજપ મોદી-શાહના દિલ્હી નિવાસ દરમિયાન અગાઉની સરખામણીએ નબળું પડ્યું છે. એને પુનઃ પૂર્વવત્ સ્થિતિમાં આણવા માટે કોઈની શેહશરમ ભર્યા વગર ફક્ત દિલ્હીના આદેશોને અમલ કરાવે એવા તટસ્થ અને સક્ષમ - કાર્યદક્ષ પ્રમુખની જરૂર હતી. સી.આર.પાટીલ ભલે ગુજરાતની પ્રજા માટે ઓછું જાણીતું નામ હોય અને એમનું કાર્યક્ષેત્ર સુરત - નવસારી પૂરતું જ મર્યાદિત હોય પરંતુ એમના વ્યક્તિત્વમાં એક પોલીસ જમાદારની કઠોરતા છે અને અંગત વફાદારીની રૂએ તેઓ મોદીની તમામ કસોટીઓમાં પાર ઊતરેલા કાર્યકર્તા છે. એમનો ચાર્જ સંભાળતાંની સાથે કાર્યકરોમાં અને સરકારમાં બેઠેલા નેતાઓમાં બઘડાટી બોલાવી દીધી છે. સૌરાષ્ટ્રમાં એમણે કોરોનાની ઐસી કી તૈસી કરી અસંખ્ય કાર્યકર્તાઓ સાથે સીધો સંપર્ક કર્યો. રાજયની તમામ ૧૮૨ બેઠકો જીતવાના સંકલ્પ સાથે તેઓએ પ્રદેશ પ્રમુખપદની જવાબદારી સંભાળી છે. માધવસિંહ સોલંકીનો ૧૪૯ બેઠકો જીતવાનો વિક્રમ મોદી પણ નહોતા આંબી શક્યા તે સી.આર. પાટિલ તોડી બતાવવા કૃતસંકલ્પ છે. એ માટે એમણે સૌથી પહેલાં પાર્ટીમાં પેઠેલા જૂથવાદ સામે બૂંગિયો ફૂંક્યો છે. રાજકોટમાં જઈ તેઓ બિનધાસ્ત કહી શકે છે કે મુખ્યમંત્રી રાજકોટના છે અને એમની સાથે ઓળખાણ છે એટલે ટિકિટ મળી જશે એવું માનતા હો તો ભીંત ભૂલો છો. એમણે કાર્યકર્તાઓને એમના કામની કદર કરવાનું વચન આપ્યું છે અને નેતાઓના ઝભ્ભા પકડી સલામતી અનુભવતા કાર્યકર્તાઓને ચીમકી આપી છે. પાર્ટીના મેન્ડેટ વિરુદ્ધ મતદાન કરનારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કે સહકારી સંસ્થાઓના કાર્યકરોને એમને એકી ઝાટકે સસ્પેન્ડ કરી દઈ જબરી ધાક બેસાડી છે. હવે આગામી બુધવારે તેઓએ પાર્ટીના છેક ૨૦૦૨થી અત્યાર સુધીની વિધાનસભાની ચૂંટણીઓમાં હારેલા ઉમેદવારોની બેઠક બોલાવી છે. દિલીપ સંઘાણીથી લઈ પુરુષોત્તમ રૂપાલા અને શંકર ચૌધરી જેવા આગેવાનો પાસેથી તેઓ એમની હાર માટે જવાબદાર, પાર્ટીમાં રહી પાર્ટી વિરુદ્ધ કામ કરનારા કાર્યકર્તાઓ અને નેતાઓની યાદી મેળવશે અને એમની વિરુદ્ધ શિસ્તભંગનાં પગલાં લેશે. એમને કોંગ્રેસમાંથી આયાતી નેતાઓને પણ સીધી ચીમકી આપી જ દીધી છે. પાર્ટીમાં મૂળ વિચારધારાને વરેલા નેતાઓને જ મહત્ત્વ મળશે એવી કૂટનીતિ અપનાવતાં કોંગ્રેસ છોડીને ભગવો ધારણ કરી ચૂકેલા સત્તાલોલુપ નેતાઓની કારકિર્દી જોખમમાં મુકાશે. પાર્ટીને એક પ્રખર પ્રદેશ પ્રમુખ સાંપડ્યા છે. એટલું તો એમના ટીકાકારોએ પણ કબૂલવું જ રહ્યું!

# સુંદરતા પામતા પહેલા સુંદર બનવું પડે!



**આરપાર**
રાઘવજી માધડ

આપણે ત્યાં કહેવત હતી, વહુ અને વરસાદની ભાગ્યમાં યશ લખાયેલો હોતો નથી.પણ હવે 'વહુ'ની વ્યાખ્યા બદલાઈ છે.એટલે માત્ર વરસાદ પૂરતું રાખીએ.વરસાદ વરસે તો પણ અને વરસાદ ન વરસે તો પણ તેને વખાણવાનું એક બાજુ રહે ને વખોડવાનું શરુ થાય...તેમાં ખાસ રસ્તા બગડે ત્યારે. ખાડામાં રસ્તો છે કે,રસ્તામાં ખાડા છે...નક્કી ન થાય. પણ તેમાં વાંક વરસાદનો ! વરસાદતો અનાદિકાળથી તેની મરજી મુજબ વરસે છે,તો વરસાદને ધ્યાને રાખી સસ્તા નહીં તેવા રસ્તા બને તો આ પ્રશ્નનો ઉકેલ આવે.પણ આપણે એવું ધારીને બેઠાં છીએ કે,રસ્તાની કેપેસીટી પ્રમાણે અને દરેકની જરૂરિયાત મુજબ જ વરસાદ વરસે ! ખરેખર તો કોઈનો પ્રેમ કયારેય ઓછો હોતો નથી. માત્ર આપણી અપેક્ષાઓ વધી ગઈ હોય છે.

ગુજરાતમાં ઘણી બાબતે ગૌરવ લઈ શકાય એવું છે.રોડ,રસ્તા ઘણાં સારા છે.પણ વરસાદ પોલ ખોલી નાખે.પછી ખાડા ઢાંકવા,થીગડાં મારવાનું શરુ થાય...ને તેમાં ખાડાની જગ્યાએ થીગડાંના ટેકરા થાય ...રાહધારીઓને સતત ડિસ્કો જ કરતા રહેવાનું. સર્જન, વિસર્જનને નવસર્જન પ્રકૃત્તિનો વણલખ્યો નિયમ છે. આવું બધું ચાલતું રહેવાનું.અને આવું ન ચાલે તો પછી કોઈના ઘર પણ કેમ ચાલે !?ખરેખર તો પ્રજાહિતના કાર્યમાં કોઈના પગના બદલે હાથ ખેંચવાના હોય. તેને ટેકો મળે તો ટકી પણ જાય.

આપણે સદનસીબ છીએ કે, શિયાળો, ઉનાળો, ચોમાસું...ત્રણેય ઋતુનો સરખાભાગે લાભ,અનુભવ મળે છે.આવું ન હોતતો... ઘડીભર કલ્પના કરી જુઓ! પણ ભરચોમાસે કોરા રહીએ, રેઈનકોટ પહેરી વર સાદ વિશેની વાત કરીએ,એરકંડીશનમાં રહી વૈશાખી લૂ કે કડકડતી ટાઢ વિશે બોલીએ તો કેવું લાગે ?દરેક ઋતુની એક આગવી ને અલાયદી મઝા હોય છે. ખરું કહો તો તરસવાનું, ગરજવાનું, પીરસવાનું, વરસવાનું ને પછી સમય સાથે વહી જવાનું બહુ ઓછા લોકોના લાલટે લખાયેલું હોય છે!

કૃત્રિમ કે કુદરતી આ સઘળી સંપદા,માનવજીવન માટે હોય છે.પણ એક સવાલ શૂળના માફક છાતીમાં ભોંકાયા કરે છે... આ સુખ-સંપદાને આપણે લાયક છીએ ખરા !? એક ધાર્મિક-પ્રાકૃત્તિક સ્થળે જવાનું બન્યું હતું. ત્યાં ગુલાબી પથ્થરના ખાસ બાંધકામ સમેત યાત્રાળુઓ માટે અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી.પણ તદ્દન અવવારું... ને માથું ફાડી નાખે એવી માનવ નિર્મિત ગંદકી ! આ સ્થળ માત્ર એક નમૂનો હોઈ શકે. બાકી આવા અન્યતો અપાર હશે ! આ આસ્તિક, નાસ્તિક નહીં પણ વાસ્તવિક મુદ્દો છે.

પાટનગરમાં સુઘડ,સ્વચ્છ રોડની બંને બાજુએ ફૂટપાથ છે.હા,ફૂટપાથનું સતત સર્જન,વિસર્જન થયા કરે છે.પણ અહીં ફૂટપાથ પર કોઈ વાહન ચલાવે ને ચાલવાવાળાને હડફેટે લેતો જાય ! અરે જાહેર સ્થળોમાં ડસ્ટબીન હોવા છતાં કચરો ફેંકી,પડખે પિચકારી મારીને ચાલ્યા જાય...પાછું ઉપર બોર્ડ મારેલું હોય : અહીં કોઈએ ગંદકી કરવી નહીં.કોઈ અંધ, અભણ કે અજાણ્યો ભૂલ કરી બેસેતો ક્ષમ્ય ગણાય.પણ સુશિક્ષિત 'સુ' કરી બેસે તેને શું કહેવું !?વળી આ બધું જાહેર જગ્યામાં જ થાય... પ્રજાને જરૂરીસગવડ,સવલત મળવી જ જોઈએ ...તેની ના નથી પણ આપણે ધાર્મિક હોવાની વ્યાખ્યામાં આવતા હોઈએ તો,સૌથી પહેલા નાગરિક ધર્મ નિભાવવો તે આપણી નૈતિક ફરજ અને આંતરિક ગરજ હોવી જોઈએ.કવિ કલાપીએ કહ્યું છે : સુંદરતા પામતા પહેલા સુંદર બનવું પડે !

**છેલ્લે :**

માણસ ભીડમાં સારો હોતો નથી અને સારા માણસોની ભીડ હોતી નથી. જેમ કે, સત્યના માર્ગ પર ટ્રાફિક લગભગ ઓછો હોય છે !

http://raghavjimadhad.blogspot.com
mo.94270 50995

# કોરોના; સત્ય, શસ્ત્ર કે સૃષ્ટિ સાથેનું ષડયંત્ર?



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

છેલ્લા પાંચેક મહિનાથી આખે સૃષ્ટિ ઉપર કોરોનાનો કહેર ચાલી રહ્યો છે. શરુઆતના તો બે મહિનામાં પૃથ્વી ઉપરના ૭૫૦ કરોડ લોકોના મનમાં ડર બેસાડી દેવામાં આવ્યો છે. દુનિયાના તમામ દેશોની આર્થિક નીતિઓ ધ્વસ્ત થઈ ચૂકી છે. આજે આખા વિશ્વમાં આઠ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. અઢી કરોડ જેટલા લોકો સંક્રમિત થયા છે. ભારતમાં ૩૨ લાખ જેટલા લોકો કોરોનાગ્રસ્ત થઈ ચૂક્યા છે અને ૬૦ હજારથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. જેમાં ગુજરાતમાં પણ ત્રણેક હજાર લોકોના મૃત્યુ થયા છે. આજની તારીખે પણ ભારતભરમાં રોજના ૭૫ હજારની આસપાસ લોકો સંક્રમિત થઈ રહ્યા છે. અને હજારની આસપાસ મૃત્યુ પામી રહ્યા છે. આ બધા આંકડા જોઈએ તો હજીયે ડરવાની જરુર છે. કોરોના હજીયે ખુબ ઝડપથી ફેલાઈ રહ્યો છે. અને હવે તો દરેક શહેરોમાં એના સંક્રમિતો વધી રહ્યા છે. લોકો મરી રહ્યા છે. આ એક સત્ય છે.

પણ આની સામે આ પાંચ મહિનામાં બીજા કેટલાક સત્યો પણ બહાર આવ્યા છે. જેના ઉપર વિચાર કરીએ તો એમ જ લાગે કે કોરોના જેવું કશું જ છે જ નહીં. કોરોના છે એ સત્ય છે. એના થકી લાખો લોકો મર્યા છે એ પણ સત્ય છે. આમ છતાંય કોરોનાને કારણે વિશ્વ સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. કેમ કે કોઈ પણ સ્થિતિ લાંબો સમય સુધી રહે એટલે એમાં રહેલા તથ્યો અને સત્યો આપોઆપ બહાર આવવા લાગે છે. હવે કોરોનામાં પણ આવું થઈ રહ્યું છે. સૌથી પહેલો પ્રશ્ન એ થાય કે માર્ચથી લઈને આ ઓગષ્ટ સુધીના પાંચ મહિનામાં ભારતમાં જે સાઈઠ હજાર જેટલા લોકો મૃત્યુ પામ્યા છે તે સૌનું હોસ્પિટલોમાં જ મૃત્યુ થયું છે. અને મોટાભાગનાનો મૃતદેહ તેમના પરિવારજનોને આપવામાં નથી આવ્યો. સુરતમાં અને બીજા રાજ્યોમાં પણ એવા કિસ્સા બહાર આવ્યા છે કે ડોકટરોએ કોરોનાથી મૃત્યુ થનાર દર્દીની કીડનીઓ કાઢી લીધી હોય. તો શું વૈશ્વિક કક્ષાએ '' કીડની કૌભાંડ '' તો આ નહીં હોય ને ? જીવલેણ ચેપ લાગવાનો ડર ઊભો કરીને દર્દીઓના પરિવારજનોને ડરાવીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ કીડની કૌભાંડ તો નહીં હોય ને ? અને માત્ર કીડની જ શા માટે ? માનવશરીરના બીજા ઘણા અંગોનો આવી રીતે વેપાર થઈ શકે છે.

એક બીજી વાત પણ વિચારવા જેવી મને લાગે છે કે આ પાંચ મહિનામાં શું કોઈ મેલેરિયા કે ટાઈફોડ કે હાર્ટ એટેક કે ડાયાબિટિસથી કોઈના મૃત્યુ જ નહી થયા હોય ? કોરોના અગાઉની સ્થિતિમાં જોઈશું તો મેલેરિયા કે ટાઈફોડ કે હાર્ટ એટેક કે ડાયાબિટિસથી દર મહિને હજારો લોકોના મૃત્યુ થતા હોય છે. તો આ પાંચ મહિનામાં શું એ બધા મૃત્યુ અટકી ગયા ? કે પછી આ કોરોનાના સાઈઠ હજાર મૃત્યુ એ ખરેખર મેલેરિયા કે ટાઈફોડ કે હાર્ટ એટેક કે ડાયાબિટિસથી થયેલા છે ? જેને કોરોનામાં ખપાવી દેવામાં આવ્યા છે ? કેમ કે આ પાંચ મહિનામાં કોરોના સિવાય અન્ય કોઈ બિમારીથી કોઈના મૃત્યુ થાય જ નહી એ વાત ગળે ઉતરે એવી જ નથી. જો આ ષડયંત્ર હશે તો એનું સત્ય ક્યારેય બહાર આવશે જ નહીં. કેમ કે આ પાંચ મહિનામાં માત્ર કોરોનાથી જ મૃત્યુ થાય એ તો કેમ મનાય ? અને એક બીજું સત્ય એ પણ બહાર આવ્યું કે કોરોના અગાઉ તમામ ડોકટરોની હોસ્પિટલો દર્દીઓથી ધમધમતી હતી. અનેક પ્રકારના રોગોની સારવાર થઈ રહી હતી, અનેક પ્રકારના એક્સ રે – ટેસ્ટ અને એમ.આર.આઈ થઈ રહ્યા હતા. અનેક પ્રકારની દવાઓના સ્ટોર ધમધમી રહ્યા હતા. લોકો લીલા શાકભાજી કે ફ્રૂટ્સ ખરીદે એના કરતા દવાઓ વધારે ખરીદીને ખાતા હતા. તો આ બધુ કોરોનાના ચાર પાંચ મહિના બંધ રહ્યું છતાંય કોઈ વ્યક્તિ ઘરમાં સારવાર વિના મર્યું હોય એવું જાણમાં નથી. તો પ્રશ્ન એ થાય કે કોરોના અગાઉના અનેક વર્ષોથી ચાલી આવતી ડોકટરોની સારવારો, દવાઓ અને દર્દોના રિપોર્ટો સાવ ખોટા હતા ? અથવા હતો સામાન્ય તાવ અને તમને મોકલ્યા ટેસ્ટ કરાવવા, એક્સ રે કરાવવા કે એમ.આઈ. આર કરાવવા. વગર દર્દે આપણે વર્ષોથી અનેક પ્રકારની દવાઓ ખાઈ ખાઈને આપણી રોગપ્રતિકારક શક્તિ જ ગુમાવતા રહ્યા છીએ. આપણને કાંઈ હતું જ નહીં છતાંય દવાખાને ગયા એટલે ડોકટરે આપણને ઈન્જેકશન આપ્યું હશે કે બાટલો ચડાવ્યો હશે. અને ડોકટરોએ સૂચિત કરેલ સ્ટોર પરથી મોંઘી દવાઓ પણ લીધી હશે.

આપણે આખી દુનિયાનું જ્ઞાન ધરાવીએ છીએ પણ આપણને આપણા શરીરની તાસીર ખબર નથી. આપણી રોગપ્રતિકારક શક્તિ ઉપર આપણને જરાય વિશ્વાસ નથી. તેથી સામાન્ય છીંક કે ઉધરસ આવે તો પણ આપણે ડોકટરોની પાસે દોડ્યા જઈએ છીએ. કોરોનાના આ પાંચ મહિનામાં આપણને સૌને ખ્યાલ આવ્યો કે સામાન્ય ઉધરસ કે છીંક કે હળવા તાવથી ગભરાવવાની જરૂર નથી. ઉકાળો કે હળદરવાળું દુધ પીવાથી મટાડી શકાય છે. કોરોનાએ એક સત્ય એ પણ આપ્યું કે આપણી પાસે ગમે તેટલી સંપતિ કે સમૃદ્ધિ હશે પણ જો શારીરિક રીતે સ્વસ્થ નહીં હોઈએ કે રોગપ્રતિકારક શક્તિ નબળી હશે તો બધી જ સંપતિ નકામી છે. તેથી હવે રોગપ્રતિકારક શક્તિ વધે એવો ખોરાક, વિટામીન્સ, ગોળીઓ કે કેપ્સ્યુલ લેવી વધું હિતાવહ છે.

કોરોના સંદર્ભે એક સૌથી મોટી અફવા સોશિયલ મીડિયામાં '' ટેલિફોનિક રેકોર્ડિંગ '' રૂપે વાયરલ થયેલી છે. આ મોબાઈલ રેકોર્ડિંગમાં તો એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ કોરોનાએ અમેરિકાનું ષડયંત્ર છે. એણે દુનિયાના તમામ મુખ્ય દેશોના વડાઓ સાથે મિટિંગ કરીને નક્કી કર્યુ છે કે પૃથ્વી ઉપર માત્ર પચાસ કરોડ લોકો જ જીવતા રહેવા જોઈએ. તેથી વિશ્વની કુલ વસ્તી ૭૫૦ કરોડમાંથી સાત સો કરોડ લોકોને આ દસ વર્ષના ગાળામાં મારી નાખવા પડે. આ કોરોના હજી શરુઆત છે. હજી આવા બીજા વાયરસ આવશે. વિશ્વયુદ્ધ થશે, ભારત - પાકિસ્તાન, ભારત - ચીન યુદ્ધ થશે લાખો કરોડો લોક મરશે. આ યોજના (ષડયંત્ર) દસ વર્ષ સુધી ચાલશે. આવી વાતો વોટ્સપ પર વહેતી થઈ છે. જો કે આવું ષડયંત્ર શક્ય નથી. સાત સો કરોડ લોકોને મારવા એ કાંઈ માનવજીવનું કામ નથી. એ કામ તો પ્રકૃતિ જ કરી શકે, તેથી કોઈએ ગભરાવવાની જરુર નથી.

હા, પણ એટલું ચોક્કસ કે કોરોના વાયરસ એ આ સદીનું સૌથી મોટું રહસ્ય બની રહેશે. કેમ કે સંક્રમિતના આંકડાઓ અને મૃત્યુના આંકડાઓ ડરાવે પણ છે અને હસાવે પણ છે. આખો દેશ ખુલી જવા છતાય હજી દેશમાં ૩૪ લાખની આસપાસ જ સંક્રમિત થયા છે જે ખરેખર ૩૫/૪૦ કરોડ થવા જોઈએ. તો શું કોરોના કોઈના આદેશ મુજબ ચાલે છે ? વળી જેની કોઈ દવા નથી છતાંય સંક્રમિત થનારમાંથી નેવું ટકા લોકો સાજા થઈ જાય છે. સાજા થવાની આટલી સારી ટકાવારી તો જેની દવા છે એવા મેલેરિયા કે બીજા સામાન્ય તાવમાં પણ નથી. જો મેલેરિયા કે સામાન્ય તાવથી થતા મૃત્યુની ટકાવારી પણ કોરોનાથી વધું છે. પણ એ ન્યૂઝ ચેનલો કે અખબારોમાં આવતું નથી તેથી તેનાથી કોઈ ડરતું નથી. આ બધી રીતે જોતા એવું વિચારી શકાય કે કોરોનાથી વૈશ્વિક લાભ લેવા માટે દરેક દેશોની પ્રજાને ડરાવવામાં આવી રહી હોય. કેમ કે દવા - આરોગ્ય ક્ષેત્રમાં વૈશ્વિક માફિયાઓનું રાજ ચાલે છે. એ ધારે એ સરકારને, પ્રજાને બિમાર પાડી શકે છે, સાજા કરી શકે છે. લૂંટી શકે છે. તેથી શક્ય છે આ કોરોના એ આ વૈશ્વિક માફિયાઓનું એક શસ્ત્ર જ હોય. ષડયંત્ર હોય. પણ જ્યા સુધી એનું રહસ્ય છૂપું છે ત્યાં સુધી કોરોનાથી ડરવું પણ જરુરી છે.

- 9426060601.india@gmail.com

# ફોલો મી...!!!



**રઝળપાટ**
અજય ઉપાધ્યાય

'મારી યુ ટ્યુબ ચેનલને સબસક્રાઈબ કરો... લાઈક કરો...બેલ આઈકોન દબાવી દરેક અપડેટ મેળવો... અને હા આ બિલકુલ ફ્રી છે - મફત છે' મફત શબ્દ કાને પડ્યો નથી કે આપણો જીવ દોડ્યો નથી....ખેર આ મફત તમને પડતું હોય પણ એક હદથી વધુ સબ્સ્કાઈબર વધે એમ એ ચેનલ ધારકને જાહેરાતો મળે અને કમાણી ચાલુ...! ખેર, દુનિયામાં મફત કાઈ હોતું નથી એ તો હું ને તમે બધા જ જાણીએ છીએ અને આ ' સબ્સ્કાઈબ કરો ' વાળું પણ જેટલા લોકો સોશિયલ મીડિયા પર છે કે બ્લોગ જગતમાં છે એ બધા જ અજમાવતા હોય છે (એમાં આ લખનાર પણ આવી જાય) પણ મુદ્દાની વાત એ છે કે જગત અને ખાસ કરી ને સોશિયલ મીડિયા જગતમાં તમારા ફોલોવર્સ કેટલા છે... તમારા યુ-ટ્યુબ વિડિયોના વ્યુઝ કેટલા છે એના પર ઘણી બધી વસ્તુઓનો આધાર હોય છે.

અત્યારે ભારત સોશિયલ મિડીયા અને ઈન્ટરનેટ વપરાશ માટે દુનિયાનું એક અગ્રિમ અને ઉભરતું બજાર છે. સોશિયલ મીડિયા પર એક્ટિવ યુઝર્સની સંખ્યામાં છેલ્લા પાંચેક વર્ષોમાં જડપી વધારો નોંધાયો છે. ટીકટોક બંધ થયું તો એના જેવા બીજા એપ્સ પર યુઝર્સનો આંકડો રોકેટગતિએ વધી ગયો છે. સેલિબ્રિટીઓ થી લઈને આમ આદમી સુધીના બધા જ યુટ્યુબ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટ્વિટર જેવા જુદા જુદા પ્લેટફોર્મ પર કે બધા જ પ્લેટફોર્મ પર એક્ટિવ છે. સાચો ખેલ જ ફોલોવર્સથી ચાલુ થાય છે. ફોલોવર્સની સંખ્યા વધારીને પેઈડ પાર્ટનરશીપ વડે તમારા ફેસબુક પેજ, ઈનસ્ટા પ્રોફાઈલ, યુટ્યુબ વિડીયો કે બ્લોગ પર જાહેરાતો મેળવી શકો છો. યુટ્યુબ ના વિડિયોમાં શરૂઆતમાં કે વચ્ચે વચ્ચે પણ આવતી જાહેરાતો એ બીજું કાઈ નથી પણ આ પેઈડ એડ જ છે જેના જે તે ચેનલના પ્રોફાઈલધારકને પૈસા મળે છે અને આયેદિન ન્યૂઝમાં જોયું સાંભળ્યુ જ હશે કે એક પોસ્ટ મૂકીને કોહલી કે પ્રિયંકા ચોપરા કે ફલાણા ઢીંકના સેલેબ આટલા લાખ કે કરોડ કમાઈ લે છે.

'ફોલો મી' આવું સોશિયલ મીડિયા પર દેખાતા જ જે કેટલાક સવાલો મનમાં ઊઠે એમાનો એક સવાલ આ છે કે 'આમાં આને ફાયદો શું ?' ઈન્ટરનેટ પર સર્ચ કરશો તો શોસિયલ મીડિયાની પોસ્ટ પરથી કમાણી કેવી રીતે કરી શકશો એની સ્ટેપ બાય સ્ટેપ અઢળક જાંકારીઓ ઉપલબ્ધ છે, બટ પ્લીઝ નોટેડ કે એમાં પણ ફૂદડી માર્યા વગરની ટર્મ્સ એન્ડ કન્ડિશન એક જ છે કે 'ફોલોવર્સ વધે તો પૈસા મળે' મિન્સ કે ફોલોવર્સ ફર્સ્ટ મની ફોલોવ્સ...! જમાનો પ્રચારનો છે અને એમાએ સોશિયલ મીડિયા આવતા જ આમાં દુસ્પ્રચાર...કુપ્રચાર અને ફેક પ્રચાર પણ ભળ્યા છે.

તમને ગમતી વ્યક્તિ, વસ્તુ કે માહિતીને તમે ફોલો કરો એમાં કાઈ ખોટું નથી અને આમેય સોશિયલ મીડિયાની શરૂઆત અને મુખી હેતુ જ માહિતીના આદાન-પ્રદાન નો છે અને કોઈ એ માહિતી તમારા સુધી પહોચાડવા મહેનત કરે તો એમાથી જો બે પૈસાની આવક એને થતી હોય તો એ ઈનો હક્ક છે અને આ બિલકુલ વાટકી-વ્યવહાર જેવી વાત થઈ કહેવાય... 'એક હાથ દો, દૂસરે હાથ લો'. પણ...પણ....પણ....આ 'ફોલો મી' ના ચક્કરમાં જે હથકાંડા અજમાવે છે એનાથી તોબા. માઈન્ડ ઈટ કે એવું નથી કે ખાલી સેલેબ્સ જ આ 'ફોલો મી' ની માયાજાળમાં ગળા સુધી ડૂબેલા છે પણ મારા – તમારા જેવા પણ હવે આ 'ફોલો મી' ને સિરિયસલી લેતા થઈ ગયા છે. બ્લોગ પોસ્ટ હોય કે ફેસબુક પોસ્ટ કે પછી ઈન્સ્ટા પોસ્ટ ચારેકોર ફોલોવર્સ કેમ વધે એનો જ કકળાટ છે.

'કકળાટ' શબ્દથી કોઈની લાગણી દુભાઈ હોય તો હજુ હમણાં જ ઉઘાડા પડેલા 'ફોલોવર સ્કેન્ડલ' ના સમાચારો પર એક નજર નાખી લેજો જી. એમાં ફંડા બિલકુલ સાફ છે કે ખોટા ફોલોવર્સ બતાવો અને એડ મેળવીને કમાણી કરો. રેપર બાદશાહે તો કબુલ પણ કર્યુ કે એણે પોતાના મ્યુઝિક વિડીયો પર ફેક પ્રોફાઈલો પરથી લાઈક અને ફોલોવર્સ મેળવેલા અને એના માટે પૂરે પચહતર લાખ રૂપિયે ભી દિયે થે...! બાદશાહ સિવાય બીજા સિતારોના નામ પણ તપાસ હેઠળ છે જ. આ નવતર પ્રકારના સાઈબર ક્રાઈમની તપાસમાં જોડાયેલી પોલીસને જાણવા મળ્યું કે ઓછામાં ઓછી ૧૦૦ સોશિયલ મીડિયા માર્કેટિંગ ફર્મ અને ૫૪ જેટલી વેબસાઈટ આ જ ધંધો કરી રહી છે. તરીકો એકદમ સાફ છે કે ફેક આઈડી - પ્રોફાઈલ્સ બનાવો, એના પર અષ્ટ્મ-પષ્ટ્મ મૂકીને કે પછી પોતાના જ બીજા પ્રોફાઈલો પરથી પ્રમોશન કરીને ફોલોવ્સ વધારો અને પછી એ ફોલોવર્સના જોરે કોઈ પણ સેલેબ કે બિન-સેલેબ ને પૈસા લઈને એના પ્રોફાઈલ-પેજ કે પ્રમોશનલ વસ્તુઓનું માર્કેટિંગ કરો. આમાં વ્યક્તિની જગ્યાએ બ્રાન્ડ્સ અને એડ એજન્સી પણ આવી જાય.

સાવ એવું પણ કહેવાનો આશય નથી કે બધાના જ ફોલોવર્સ ફેક હોય છે કે ખરીદેલા હોય છે, સોશિયલ મિડીયા પર ઘણા બધા પ્રોફાઈલ એવા છે કે જેણે પોતાની કળા, ટેલેન્ટ કે મૌલિક આવડતને લીધે ફોલોવર્સ કમાયા છે. સવાલ સાચા ફોલોવર્સ કે ખોટા ફોલોવર્સનો ઓછો અને ફોલો કરાવવાના પેંતરાઓનો વધુ છે. બેલ આઈકોન દબાવવો કે સબ્સ્ક્રાઈબ કરવું એટલું અઘરું નથી કે જેટલું અઘરું અને ઊંડું આ ફોલોવર્સ વધારવાનો ખતરનાક ખેલ છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ આની ઊંડી તપસ કરી તો જુદી જુદી સોશિયલ સાઈટ્સ પર ફોલોવર્સ – લાઈક કે કોમેન્ટ ઉઘરાવી આપતી વ્યવસ્થિત એજન્સીઓ / ટોળકીઓ / પ્રોફાઈલ્ઝ મળ્યા. એક એજન્સીએ તો ટાઈમ્સને ૧૦૦ રૂપિયામાં ૧૦૦ ફોલોવર્સ અને ૧૫૦માં ૧૦૦ સાચા ફોલોવર્સની ઓફર આપી અને ૭-૧૦ દિવસમાં ૧૦૦૦૦ ફોલોવર્સ પણ મેળવી આપવાની ઓફર કરી. તો બીજાએ ૪૪ રૂપિયામાં ૧૦૦ અને ૧૬૯ રૂપિયામાં ૧૦૦૦ લાઈક ની ઓફર પણ મૂકી.

આંકડાની માયાજાળમાં પડ્યા વગર એક વસ્તુ તો સમજાય છે કે આ ફોલોવર્સનો પણ એક વ્યાપક અને વિશાળ બિઝનેસ છે. ઈન્સ્ટા કે ફેસબુકમાં આપણે દૂર દૂર સુધી પણ ઓળખતા ના હોય એવા લોકોની ટપકી પડતી ફ્રેન્ડ રિકવેસ્ટ કે ફોલો કરવાની વિનંતી પણ આ 'ફોલો મી' સિન્ડિકેટનો એક ભાગ જ હોવાની પૂરી શક્યતા છે. હવે વિચાર એ આવે કે તો પછી કરવાનું શું ? કઈ નહીં... સોશિયલ મીડિયા પર બધે જ કાઈ ફોલોવર્સનો વેપાર નથી ચાલતો, ઘણા જેન્યૂન ફોલોવર્સ પણ છે પરંતુ સાથે સાથે એ પણ હકીકત છે કે ફોલોવર્સની સંખ્યા વધારવાની મનસાએ ઘણા પ્રોફાઈલ એક્ટિવેટ થાય છે અને કામ પતે એટલા કા તો સ્વિચ કા તો પછી આખું ને આખું એકાઉન્ટ જ ફોલોવર્સ સાહિલ સેલ કરી દેવામાં આવે છે. જ્યાં જ્યાં ફોલોવર્સ ત્યાં ત્યાં જાહેરાતો અને જ્યાં જ્યાં જાહેરાતો ત્યાં ત્યાં વધુ ને વધુ ફોલોવર્સ મેળવવાનો ધ્યેય...! સબ પૈસે કા ખેલ હૈ...!